Sandesh

(Supp.: City Life)
February 20, 2015
Page No. 4

EDI

# ચાઇનીઝ સ્ટુડન્ટ્સનું ન્યૂ યર સેલિબ્રેશન

## ઇડીઆઇના સ્ટુડન્ટસે ચાઇનીઝ ડિશીસના કૂકિંગ પ્રોગામ્સનું પણ આયોજન કર્યું

**અમદાવાદ : ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૫**



ચીનમાં ૧૯ ફેબ્રુઆરીનો દિવસ ન્યુ યર તરીકે ઉજવાય છે. શહેરમાં ઈડીઆઈ ખાતે ચાલી રહેલા આંત્રપ્રિન્યોરશિપ કોર્સમાં ચાઈનીઝ સ્ટુડન્ટ્સ પણ જોડાયેલા છે. ચાઈનીઝ ન્યુ યરને સેલિબ્રેટ કરવા માટે આ સ્ટુડન્ટ્સ દ્વારા વિવિધ પ્રોગામ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ન્યુ યરને કંઈક હટકે રીતે સેલિબ્રેટ કરવા માટે સ્ટુડન્ટ્સે જાતે રસોઈ કરવા દેવા માટે મંજૂરી માગી હતી.

ઈન્સ્ટિટ્યુટની મંજૂરી મળ્યા બાદ સાંજે છ વાગ્યાથી સ્ટુડન્ટ્સ રસોઈમાં લાગી ગયા હતા. રાત્રે તમામ સ્ટુડન્ટ્સે અલગ-અલગ જાતની ૧૨ ચાઈનીઝ ડિશીસ બનાવી હતી. આ અંગે ઈડીઆઈના એડવાન્સ બિઝનેસ હિન્દી સર્ટિફિકેટ કોર્સના પ્રોગામ ડાયરેક્ટર ડૉ. અવધેશ જહાંએ જણાવ્યું હતું કે, 'સ્ટુડન્ટ્સે પોતાના ન્યુ યરને સેલિબ્રેટ કરવા માટે ખાસ ડિશીસ તૈયાર કરી હતી. આ દરેક ડિશીસ ન્યુટ્રીશિયસ હતી કારણ કે, તેમાં મોટેભાગે લીલા શાકભાજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ન્યુ યર માટે ખાસ કેક તૈયાર કરવામાં આવી હતી.' કેક કટિંગ બાદ ડાન્સિગ અને સિંગિંગ જેવા પ્રોગામ્સનું પણ આયોજન કરાયું હતું.